જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૬/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૦૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૭૪૧ લીટર દેશી દારૂ, ૬૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૦ બીયરટીન અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૯૮,૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૦૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૦૬/૨૦૨૬**

દાણીલીમડાઃ અબ્દુલકરીમભાઈ સ/ઓ શરાફતઅલી અંસારી (રહે, ન્યુ ફેસલનગર, જુના ઓક્ટ્રોયનાકા પાછળ, નારોલ રોડ, દાણીલીમડા) એ તા.૨૮/૦૬/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૨૬ થી તા.૧૦/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી (૧) M SMEDSOURCE PHARMA DISTRUBUTORS જેનો UPI TRANSACTION ID– 652667849587 ના ધારક (૨) Jayprakash Mehra જેનો UPI TRANSACTION ID– 208113734841 તથા UPI TRANSACTION ID– 607717276706 ના ધારક અને (૩) AMAN UPADHYAY જેનો UPI TRANSACTION ID – 616186182658 ના ધારક એ ભેગામળી ચેનકેન રીતે અબ્દુલકરીમભાઈ અંસારીના મોબાઈલ ફોનનો એકસેસ મેળવી તેમના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૩૮,૯૮૭/– ઉપાડી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.ટી.દેસાઈ ચલાવે છે.

ગાડીનો કાચ તોડી ચોરીઃ– **સમાચાર યાદી નં.૯૦૭/૨૦૨૬**

ઘાટલોડીયાઃ કુલદિપભાઈ પ્રકાશકકુમાર ઠક્કર (ઉ.વ.૩૧)(રહે.વેરીટાસ બાય સાફલ્ય, ગુજરાત હાઈકોર્ટ સામે, ચાણક્યાપુરી) એ તા.૨૮/૦૬/૨૦૨૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૬/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ગુરુકુળ રોડ નારાયણ એક્ઝોટીકા કોમ્પલેક્ષ આગળ રોડ ઉપર બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા પુરૂષએ ભેગામળી કુલદિપભાઈ ઠક્કરને વાતોમાં રાખી તેમની નજર ચુકવી તેમની મારૂતિ સુઝુકી ગ્રાન્ડ વિટારા કારનો કાચ તોડી, કારની ડેશબોર્ડની નીચેના ખાનામાં મુકેલ રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/– મુકેલ થેલીની ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.ચૌહાણ ચલાવે છે.

દાણીલીમડાઃ રાજૂભાઇ અનવરઅલી અન્સારી (ઉ.વ.૩૬)(રહે. માયાપુરી રેસીડેન્સી, રાજ રેસીડેન્સી પાસે, ગુલમહોર ટેનામેન્ટ પાસે, બેરલ માર્કેટ અંદર, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૬/૨૦૨૬ રાતના ૮/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેન્દ્રકુમાર આત્મારામ ચલાવે છે.

નારોલઃ અભિમન્યુ જગદીશભાઇ મિશ્રા (ઉ.વ.૫૪)(રહે.મંગલમૂર્તિ રેસીડેન્સી સુદેવ હોમ્સ પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૬ ના કલાક ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે હોલરૂમમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

વટવાઃ રીંકીદેવી વા/ઓ નરેન્દ્ર રાજપુત (ઉ.વ.૩૧)(રહે.નિર્મલ સરોવર બંગ્લોઝ, એસ.પી.રીંગ રોડ પાસે, વટવા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા સુમારે પોતાના ઘરે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.રહેવર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી